# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. રાજ્યમાં લીલું આવરણ વધારવા 185 નદીના બંને કાંઠાની જમીન પર વૃક્ષ ઉછેર ઝૂંબેશ હાથ ધરાશે
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના ફ્લાવર શૉને સર્જનાત્મકતાની સાથે લોકભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું
3. ગાંધીનગરમાં ST નિગમના ત્રણ હજાર 84 ચાલક અને એક હજાર 658 જેટલા મદદનીશ કક્ષાના ઉમેદવારને નિમણૂકપત્ર એનાયત
4. શહેરો પર ભારણ ઘટાડવા રાજ્યમાં પાંચ “સૅટેલાઈટ નગર” બનાવાશે – રાજ્ય સરકારનો નિર્ણય
5. જામનગરમાં ગેરકાયદે રહેતા પાંચ બાંગ્લાદેશી નાગરિક પકડાયા
6. IIM પરિસરમાં અમદાવાદની પ્રથમ “Next Gen” ટપાલ કચેરીનો પ્રારંભ

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## GREEN COVER IN STATE

રાજ્યની 185 નદીના બંને કાંઠાની જમીન પર વનવિભાગ દ્વારા "વૃક્ષ ઉછેર ઝૂંબેશ" હાથ ધરાશે. રાજ્યમાં લીલું આવરણ વધારવા લેવાયેલા સરકારના આ નિર્ણય અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, વૃક્ષ ઉછેર પહેલા સીમાંકન – ભૌગોલિક માહિતી પ્રણાલિ - G.I.S. માપણી કરીને કાર્યક્ષેત્ર અને જમીનની ઓળખ કરાશે. તેનો ઉપયોગ માત્ર લીલા આવરણ અને વૃક્ષ ઉછેર માટે જ કરવાનો રહેશે.

આ ઝૂંબેશથી વરસાદ વધવાની સાથે નદીઓના બંને કાંઠાની જમીનનું ધોવાણ અટકશે અને ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવશે તેમ શ્રી મોઢવાડિયાએ ઉંમેર્યું હતું.

(BYTE: ARJUN MODHVADIA, FOREST MINISTER)

----------

## PM FLOWER SHOW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સર્જનાત્મકતા, સતત વિકાસ અને લોક ભાગીદારીને એકસાથે લાવવા અમદાવાદમાં યોજાયેલા ફ્લાવર શૉની નોંધપાત્ર ભૂમિકાની પ્રશંસા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આ આયોજન શહેરની જીવંત ભાવના અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમને દર્શાવે છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા 14-મા ફ્લાવર શૉમાં બે ગિનિસ વિશ્વ વિક્રમ બનવો એ દેશ માટે ગૌરવની વાત છે. શ્રી પટેલે કહ્યું, ફ્લાવર શૉ માત્ર ફૂલોનું પ્રદર્શન જ

નહીં, પણ દેશના સાંસ્કૃતિક વારસા, રાષ્ટ્રીય એકતા અને આધુનિક ભારતની સર્જનાત્મક શક્તિનો ભવ્ય ઉત્સવ છે.

----------

## BK AMBAJI MUGAT

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં 43 લાખ 51 હજાર રૂપિયાનો સુવર્ણ રત્નજડિત દિવ્ય મુગટ અર્પણ કરાયો. અમદાવાદના ભક્તોના એક સમૂહે જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ મિહિર પટેલની ઉપસ્થિતિમાં આ મુગટ અર્પણ કર્યો.

અંબાજી મંદિરમાં આવતીકાલે મા જગદંબાના પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. આ પહેલાં માતાજીને અર્પણ કરાયેલા આ મુગટને પ્રાચીન મીના કારીગરી અને વિશિષ્ટ રત્નોના ઉપયોગથી તૈયાર કરાયો છે.

----------

## CM APPOINTMENT LETTER

ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ત્રણ હજાર 84 ચાલક અને એક હજાર 658 જેટલા મદદનીશ કક્ષાના ઉમેદવારને નિમણૂકપત્ર અપાયા. મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ સમારોહમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ કર્મચારીઓને મુશ્કેલીઓનો શાંત મગજથી સામનો કરી પોતાની જવાબદારી નિભાવવા અનુરોધ કર્યો. સાથે જ તેમણે વ્યવસ્થાનો યોગ્ય ઉપયોગ કરવા પણ અપીલ કરી હતી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આગામી દિવસોમાં દરરોજ 30 લાખ યાત્રિઓ સુધી પહોંચવાનો એસ.ટી. નિગમનો સંકલ્પ સાકાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

----------

# URBAN PLANNERS INVITATION

રાજ્યમાં પાંચ "સૅટેલાઈટ ટાઉન એટલે કે નગર"ની બૃહદ યોજના બનાવવા સરકારે દરખાસ્ત રજૂ કરીને રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરના અનુભવ ધરાવતા શહેરી આયોજકોને આમંત્રણ આપ્યું છે. શહેરી વિકાસ વર્ષ 2025માં 'અર્નિંગ વૅલ-લિવિંગ વૅલ'ના મંત્રને સાકાર કરવાના ઉદ્દેશથી વર્ષ 2030 સુધીમાં સાણંદ, કલોલ, સાવલી, બારડોલી અને હિરાસરને સૅટેલાઈટ નગર તરીકે વિકસિત કરાશે.

**(V/C- AJAY INDREKAR)**

***(.... સેટેલાઇટ નગર એટલે મોટા શહેર અથવા મહાનગરની નજીક સ્થિત એવું શહેર કે, જ્યાં મોટા શહેરથી એક કલાકમાં પહોંચી શકાય છે. તેવા શહેરોની ઓળખ કરીને તેમને આર્થિક રીતે ધમધમતા કેન્દ્ર બનાવવાનો ઉદ્દેશ છે. તેનાથી મોટા શહેરો પર ભારણ ઘટે અને આ શહેરોમાં રોજગારીની નવી તક ખૂલે. આ શહેરોમાં વૈશ્વિક સ્તરની માળખાકીય સુવિધા અને નાગરિક કેન્દ્રિત સુવિધાઓ વિકસિત કરાશે. રાજ્ય સરકારના આ નિર્ણયના***

*અમલીકરણના ભાગરૂપે ટૅન્ડર એટલે કે, નિવિદા દ્વારા શહેરી આયોજકોની નિમણૂક કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આગામી બે મહિનામાં કન્સલટન્ટ એટલે કે, સલાહકારની નિમણૂક કરાશે, જેઓ એક વર્ષમાં શહેરો માટે બૃહદ યોજના તૈયાર કરીને રજૂ કરશે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

----------

## Gyan Sadhana Merit Scholarship Scheme

'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અંતર્ગત બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે પોર્ટલ ફરી ખુલ્લું મૂકાયું છે. રાજ્ય પરીક્ષા બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પરંતુ નોંધણી પ્રક્રિયામાં બાકી રહેલા વિદ્યાર્થીઓ http://gssyguj.in વેબસાઈટ પર આગામી 15 જાન્યુઆરી સુધી અરજી કરી શકશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

## JAMNAGAR BANGLADESHI ARREST

જામનગર પોલીસના સ્પેશિયલ ઑપરેશન ગૃપ – SOG-એ ગેરકાયદે રીતે રહેતા પાંચ બાંગ્લાદેશી નાગરિકની અટકાયત કરી છે. SOG-એ સ્વસ્તિક માર્બલની સામે એક ઘરમાં દરોડા પાડી આ પાંચેય લોકોને પકડ્યા હતા. તેમની તપાસ કરતાં તેઓ પરવાનગી વગર

ભારતમાં આવ્યા હોવાનું જણાયું હતું. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક જે. એન. ઝાલાએ વધુ માહિતી આપી.

(BYTE: J. N. ZALA, DySP, JAMNAGAR)

----------

# Rajkot international airport

રાજકોટમાં આ મહિને યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ - VGRC ને ધ્યાનમાં રાખી રાજકોટ વિમાનમથક પર વિશેષ સુવિધા કરવામાં આવી રહી છે. ખાનગી કંપની, સ્વસહાય જૂથ અને સ્થાનિક કારીગરોને તેમના ઉત્પાદનનું પ્રદર્શન અને વેચાણ માટેનું મંચ આગામી 8 તારીખે ટર્મિનલ બિલ્ડિંગના પ્રસ્થાન વિસ્તારમાં કાર્યરત કરાશે.

----------

# AMDAVAD NEXT GEN POST OFFICE

અમદાવાદમાં આજે પહેલી “Next Gen”ની વિષયવસ્તુ આધારિત ટપાલ કચેરીનું ઉદ્ઘાટન કરાયું. શહેરમાં ભારતીય વ્યવસ્થાપન સંસ્થા – IIMના પરિસરમાં શરૂ થયેલી કચેરીમાં પાર્સલ પર 10 ટકા વિશેષ છૂટ, વાયફાય, અલ્પાહારગૃહ અને નાના પુસ્તકાલય જેવી સુવિધા હશે.

ટપાલ કચેરીનું ઉદ્ઘાટન કરતાં મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વર-કરે કહ્યું, આ કચેરીને નવી પેઢીની આધુનિક જીવનશૈલી અને જરૂરિયાતને ધ્યાને રાખી નવો આકાર અપાયો છે.

(BYTE: GANESH V. SAVLESHWARKAR)

----------

## KAUSHIKVEKARIYA-AMRELI

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ આજે અમરેલીમાં  ખાખરીયા–ભૂખળી–સાંથળી માર્ગ પર ૩૦ લાખ રૂપિયા તથા બાંટવાદેવળી–બરવાળા માર્ગ પર પ્રોટેક્શન વોલના કામનું ખાતમુહૂર્ત કર્યું.

અમરેલીની મુલાકાત દરમિયાન શ્રી વેકરિયાએ સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કુંકાવાવ તાલુકામાં મોરવાડા પ્રાથમિક શાળાના 24 લાખ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા નવા વર્ગખંડોનું લોકાર્પણ પણ કર્યું.

----------

## SURAT MANISHA VAKIL

મહિલા અને બાળકલ્યાણ રાજ્યમંત્રી ડૉક્ટર મનીષા વકીલે સુરતમાં કામરેજ તાલુકાના ધોરણપારડી ખાતે આંગણવાડી કેન્દ્ર એક અને બે-ની મુલાકાત લીધી. તેમણે બાળકો સાથે સંવાદ સાધી શૈક્ષણિક અને પોષણક્ષમ આહારની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું.

મંત્રીશ્રીએ બાળકોને મળતાં આહારની ગુણવત્તા અને તેના પોષણમૂલ્યની તપાસ કરી જરૂરી સૂચન પણ આપ્યાં. તેમજ તેમણે આંગણવાડી કેન્દ્રની ભૌતિક સુવિધાઓ, સ્વચ્છતા અને શૈક્ષણિક વાતાવરણની સમીક્ષા કરી હતી.

----------

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. તેના કારણે ઠંડીમાં ઘટાડો થઈ શકે છે તેમ હવામાન વિભાગની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

દરમિયાન ગત 24 કલાકમાં 10 પૂર્ણાંક આઠ ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે. જ્યારે કંડલા વિમાનમથકમાં 12, ભુજ, અમરેલી, ડીસા અને ગાંધીનગરમાં 13 ડિગ્રી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કેશોદમાં 14 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન રહ્યું છે.આ સિવાયના જિલ્લા અને શહેરોમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી અને તેનાથી વધુ નોંધાયાના અહેવાલ છે.

----------